સચિવાલયના વહીવટી વિભાગો સિવાયના તમામ જાહેર સત્તામંડળોમાં માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ જાહેર માહિતી અધિકારી તથા અપીલ અધિકારીની નિમણૂક કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
પરિપત્ર ક્રમાંકઃ જીઆઈસી–૧૦૨૦૧૨–૫૭૫૬૪૫–આરટીઆઈ સેલ
તારીખઃ– ૨૭–૦૬–૨૦૧૩

<u>વંચાણે લીધાઃ</u>–

(૧) રાજ્ય મુખ્ય માહિતી કમિશનરશ્રી, ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગરનો તા.૦૫–૦૯–૨૦૧૨ નો પત્ર.

(૨) સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૭–૦૫–૨૦૧૩ નો પરિપત્ર ક્રમાંકઃ પરચ–૧૦૨૦૧૩–૪૪–આર.ટી.આઈ. સેલ.

**પ રિ પ ત્ર :**

માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ ની કલમ–૫(૧) ની જોગવાઈ મુજબ દરેક જાહેર સત્તામંડળે તેની હેઠળના તમામ વહીવટી એકમો અથવા કચેરીઓમાં જાહેર માહિતી અધિકારીઓ તરીકે જરૂરી હોય તેટલા અધિકારીઓને મુકરર કરવાના રહે છે તથા કલમ–૧૯(૧) ની જોગવાઈ મુજબ જાહેર માહિતી અધિકારી કરતાં ઉપલો દરજ્જો ધરાવતા હોય તેવા અધિકારીને અપીલ અધિકારી તરીકે નિમણૂક કરવાની રહે છે.

૨. મોટાભાગનાં જાહેર સત્તામંડળોમાં જાહેર માહિતી અધિકારી તરીકે વર્ગ–૩ કક્ષાના કર્મચારીઓની નિમણૂક કરવામાં આવેલ હોવાનું ઉપર વંચાણે લીધેલ ક્રમ–(૧)માં દર્શાવેલ રાજ્ય મુખ્ય માહિતી કમિશનરશ્રી, ગુજરાત માહિતી આયોગનાં પત્રથી ધ્યાન દોરવામાં આવેલ છે અને વર્ગ–૨ કક્ષાના અધિકારીઓની

જાહેર માહિતી અધિકારી તરીકે નિમણૂક કરવામાં આવે તે સુનિશ્ચિત કરવા આયોગે ભલામણ કરેલ છે.

૩. ઉપર વંચાણે લીધેલ ક્રમ–(૨)માં દર્શાવેલ સામાન્ય વહીવટ વિભાગનાં તા.૧૭–૦૫–૨૦૧૩ ના પરિપત્રનાં ફકરા–૧ ની સૂચના મુજબ સચિવાલયના દરેક વહીવટી વિભાગ ખાતે જાહેર માહિતી અધિકારી તરીકે ઉપસચિવની નિમણૂક તથા અપીલ અધિકારી તરીકે નાયબ સચિવ / સંયુકત સચિવ / અધિક સચિવની નિમણૂક કરવાની રહે છે.

૪. સચિવાલયના વહીવટી વિભાગો સિવાયના તમામ જાહેર સત્તામંડળોમાં માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ જાહેર માહિતી અધિકારી તરીકે વર્ગ–૨ સંવર્ગના અધિકારીઓની નિમણૂક કરવા અને જાહેર માહિતી અધિકારી કરતાં ઉપલો દરજ્જો ધરાવતા હોય તેવા અધિકારીઓની અપીલ અધિકારી તરીકે નિમણૂક કરવા તમામ જાહેર સત્તામંડળોને આથી સૂચના આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ભરત બી. પટેલ)
નાયબ સચિવ,
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.

- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત મુલકી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, સેકટર-૧૮, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.

- ડેપ્યુટી ડાયરેકટર જનરલશ્રી, સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા, અમદાવાદ.
- સચિવાલયના સર્વે વિભાગો. (આ સૂચનાઓ તેમના વહીવટી હકુમત હેઠળના તમામ ખાતાના વડાઓ / કચેરીઓ / બોર્ડ / નિગમો / કોર્પોરેશન / તમામ જાહેર સત્તામંડળોના ધ્યાને લાવવા સારુ)
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી
- શાખા સિલેકટ ફાઈલ
- ના.સે.અધિ. સિલેકટ ફાઈલ